જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૧૨/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૨૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી ૧૨૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૪૨૫/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** ગીતાબહેન લલીતકુમાર જાની(ઉ.વ.૪૩)(રહે.શુભલક્ષ્મી સોસાયટી, બાલકૃષ્ણ મંદિર પાસે, રાણીપ) એ તા.૦૧/૧૨/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૧૨ થી તા.૧૫/૦૫/૧૪ સુધીના સમયગાળા દરમ્યાન અલગ-અલગ મોબાઇલ નંબરથી અલગ-અલગ વ્યક્તિઓએ પુર્વ યોજીત કાવત્રુ રચી, ગીતાબહેનને એલ.આઇ.સી. અને બીજી વીમા કંપનીની પોલીસીઓમાં મોટી રકમનું બેનીફીટ અપાવવાનો વિશ્વાસ આપી, અલગ-અલગ પોલીસીઓ લેવડાવી ગીતાબહેન પાસેથી કુલ રૂપિયા ૫૫,૬૭,૭૯૯/- મેળવી લઇ, ગીતાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી જે.પી.રોજીયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૬/૧૫**

**ઓઢવ :** શાંતીભાઇ દેવચંદભાઇ પંચાલ (રહે.માધવ હોમ્સ, વસ્ત્રાલ રોડ, રામોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૧/૧૫ ના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ વેપારી મહામંડળ સામે, બિલેશ્વર એસ્ટેટની પાછળ, શ્રીરામ એસ્ટેટ નજીક પાર્ક કરેલ પોતાની ફોરવ્હીલ ગાડી નંબર જીજે.૦૧.ટી.સી.૬૪૫ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી પી.એમ.નીમાવત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)